# નાયબ કલેકટર મધ્યાહ્ન ભોજન યોજના શાખા

બાલ ભવન,રામબાગ,મણીનગર,અમદાવાદ-૩૮૦૦૦૮.

ફોન.ન.૦૭૯-૨૫૪૬૧૩૯૩ E-mail:- maninagarmdm@gmail.com


નં.મભય/અશ/પ્રો.એ.ડી/૨૦૨૦ જા.નં-

તા.૨૦/૧૦/૨૦૨૦

પ્રતિ,

જાહેર માહિતી અધિકારી અને

એસેસર અને ટેક્સ કલેકટર

R.T.I સેલ વિભાગ, સરદાર પટેલ ભવન,

દાણાપીઠા, અમદાવાદ

વિષય :- પ્રો – એકટીવ ડીસ્કલોઝરની માહિતી બાબત...

સંદર્ભ :- આપશ્રીના આરટીઆઇ સરક્યુલર નં-૧ વર્ષ-૨૦૨૦-૨૧

ઉપરોકત વિષય અને આપના સંદભદર્શિત પત્ર અન્વયેની માહિતી આ સાથે સામેલ રાખી મોકલી આપેલ છે. જેમાં એનેક્ષર -A નું પ્રમાણ પત્ર તથા પ્રો – એકટીવ ડીસ્કલોઝર ની હાર્ડ કોપી તથા સોફ્ટ કોપી (CD) સામેલ રાખેલ છે. જે આપ સાહેબને વિદિત થાય.

આપનો વિશ્વાસુ

જાહેર માહિતી અધિકારી

અને

નાયબ કલેકટર

મધ્યાહ્ન ભોજન યોજના

અમદાવાદ શહેર

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

મધ્યાહ્ન ભોજન યોજના, અમદાવાદ શહેર

માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ની કલમ ૪(૧)

અન્વયે

મધ્યાહ્ન ભોજન યોજના, અમદાવાદ શહેર

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું પ્રોએક્ટીવ ડિસ્કલોઝર.

## મધ્યાહ્ન ભોજન યોજના, અમદાવાદ શહેરની ટૂંકી વિગત

**પ્રસ્તાવના →**

ભારતના બંધારણના અનુચ્છેદ ૩૮-૩૯-૪૧-૪૩-૪૭ હેઠળ લોકોની મૂળભૂત જરૂરીયાતો પુરી કરવા રાજયને આદેશ અપાયો છે. મધ્યાહ્ન ભોજના યોજના રાજય સરકારની પુરસ્કૃત બાળ કલ્યાણની યોજના છે. જેનો મુખ્ય ધ્યેય બાળકોને પોષણક્ષમ આહાર પ્રાપ્ત થાય તથા શાળામાં જવા તથા અભ્યાસ કરવા પરત્વે બાળકોની રૂચિ કેળવાય બાળકોની હાજરી નિયમિત જળવાય તથા ડ્રોપ આઉટ રેશિયો ઓછો થાય બાળકોમાં બચપણથી જ ભ્રાતૃભાવની ભાવના વિકસે તથા જાતિભેદ સબબની કટુતા દૂર થાય. બાળકોમાં સમૂહ જીવનની ભાવના અને સમાનતાની ભાવના કેળવવાના શુભ આશયથી ગુજરાત રાજ્યમાં ૧૯મી નવેમ્બર-૧૯૮૪ થી પ્રાથમિક શાળાઓના બાળકોને મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ બપોરનું ભોજન (રાંધેલો ગરમ ખોરાક) આપવાની કામગીરી અમલમાં મુકેલ હતી. નામદાર સુપ્રિમ કોર્ટના તા.૨૮/૧૧/૨૦૦૧ના ચુકાદાથી આ યોજનાને ફરજીયાત બનાવવામાં આવેલ છે. અને જે તે વર્ષમાં ઓછામાં ઓછા ૨૦૦ દિવસ ભોજન આપવાનું ઠરાવેલ છે. તેમજ તે અંતર્ગત એન.પી.-એન.એસ.પી.ઇ-૨૦૦૬ની ગાઇડલાઇન મુજબ રાજયની પ્રાથમિક શાળાઓના ધોરણ ૧ થી ૫ ના બાળકોને ૫૦ ગ્રામ ઘઉં / ૫૦ ગ્રામ ચોખા, ૨૦ ગ્રામ કઠોળ, ૧૦ ગ્રામ તેલ અને ૫૦ ગ્રામ શાકભાજી - મરીમસાલાનો ઉપયોગ કરીને મેનુ મુજબનો ગરમ રાંધેલો ખોરાક બાળકોને ખવડાવવાથી ૪૫૦ કેલરી અને ૧૨ ગ્રામ પ્રોટીન તેમજ ધોરણ ૬ થી ૮ ના બાળકોને ૭૫ ગ્રામ ઘઉં / ૭૫ ગ્રામ ચોખા, ૩૦ ગ્રામ કઠોળ, ૧૦ ગ્રામ તેલ અને ૭૫ ગ્રામ

શાકભાજી – મરીમસાલાના જથ્થાનો ઉપયોગ કરીને મેનુ મુજબનો ગરમ રાંધેલો ખોરાક બાળકોને ખવડાવવાની ૭૦૦ કેલરી અને ૨૦ ગ્રામ પ્રોટીનની પોષણ મૂલ્ય ધરાવતાં ગરમ રાંધેલો ખોરાક દરેક શાળાઓમાં પ્રત્યેક લાભાર્થીને આપવાનું નક્કી થયેલ છે.

ભારત સરકારે એન.પી.-એન.એસ.પી.ઇ-૨૦૦૪ની ગાઇડલાઇન મુજબ યોજનાને અમલી બનાવેલ છે. અને તે અંતર્ગત પણ મધ્યાહ્ન ભોજન યોજનાનો અમલ કરવો ફરજીયાત બનેલ છે. આ પીટીશનના અનુસંધાને યોજનાના સુવ્યવસ્થિત અમલીકરણ માટે નામદાર સુપ્રિમકોર્ટે બે કમિશનરશ્રીઓને નિયુકત કરેલ છે. જેઓ દ્વારા સમયાંતરે જુદા જુદા સુચનો કરવામાં આવે છે. માનનીય મુખ્ય સચિવશ્રી દ્વારા સમગ્ર યોજનાની વારંવાર સમીક્ષા કરવામાં આવે છે.

<u>સ્ત્રીશક્તિ</u>

મધ્યાહ્ન ભોજન યોજનાના પ્રારંભથી લઇને માનદ વેતન મેળવતાં સંચાલકો શાળામાં રસોઇની વ્યવસ્થા કરતા હતા. આ સંચાલકોને વાસણો, ઇન્ફ્રાસ્ટ્રકચર,બળતણ ખર્ચ વિગેરે સરકારશ્રી તરફથી પૂરૂં પાડવામાં આવતું હતું. હવે શિક્ષણ વિભાગના તા.૦૩/૦૫/૨૦૦૬ના ઠરાવથી અમદાવાદ શહેરના સાબરમતી નદીના પૂર્વ વિસ્તારની તમામ શાળાઓની મધ્યાહ્ન ભોજન યોજનાનું સંચાલન પાયલોટ પ્રોજેકટથી ત્રણ વર્ષ માટે સ્ત્રીશક્તિ સંસ્થાને સોંપવામાં આવેલ છે. જે બદલ તા.૧૧/૦૫/૨૦૦૬ના રોજ એમ.ઓ.યુ. કરવામાં આવેલ હતું. જેને વર્ષો-વર્ષ રીન્યુ પણ કરવામાં આવેલ હતું. હાલમાં સદર સંસ્થાનો કોન્ટ્રાકટ માહે, ૭/૧૨/૨૦૧૮ ના રોજ પુરો થતાં શિક્ષણ વિભાગના ઠરાવ નં.મભય/૧૦૨૦૧૯/૧૩૯/આર તા.૧૪/૦૬/૨૦૧૯ના પત્રથી વધુ ત્રણ વર્ષનો કોન્ટ્રાકટ મંજુર કરેલ છે. સદર

સંસ્થાનું મેકેનાઇઝડ કીચન ૧૯૧/૨, આંબાવાડી, રાણીપુર ચર્ચ પાસે, શાહવાડી, અમદાવાદ ખાતે આવેલ છે. સદર સંસ્થા સ્કૂલ બોર્ડ હસ્તકની પૂર્વ વિસ્તારની ૩૨૦ શાળાઓમાં ભોજન પુરૂ પાડવાની કામગીરી કરે છે.

<u>અક્ષયપાત્ર</u>

જયારે શિક્ષણ વિભાગના તા.૧૧/૦૬/૨૦૦૭ના ઠરાવથી અમદાવાદ શહેરના સાબરમતી નદીના પશ્ચિમ વિસ્તારની તમામ શાળાઓની મધ્યાહ્ન ભોજન યોજનાનું સંચાલન પાયલોટ પ્રોજેકટથી ત્રણ વર્ષ માટે અક્ષયપાત્ર ફાઉન્ડેશનને સોંપવામાં આવેલ હતુ. જેને વર્ષો-વર્ષ રીન્યુ પણ કરવામાં આવેલ હતું. હાલ માં સદર સંસ્થાનો કોન્ટ્રાકટ માહે,૦૯/૧૨/૨૦૧૭માં પુરો થતાં શિક્ષણ વિભાગના ઠરાવ નં.મભય/૧૦૨૦૧૮/૮/આર તા.૧૭/૦૨/૨૦૧૮ના પત્રથી તા.૧૦/૧૨/૨૦૧૭થી વધુ ત્રણ વર્ષનો કોન્ટ્રાકટ મંજુર કરેલ છે. સદર સંસ્થાનું મેકેનાઇઝડ રસોડું અમદાવાદ ડેન્ટલ કોલેજ સામે, ભાડજ, અમદાવાદ ખાતે આવેલ છે. સદર સંસ્થા સ્કુલ બોર્ડ હસ્તકની પશ્ચિમ વિસ્તારની ૫૭ શાળાઓમાં ભોજન પુરુ પાડવાની કામગીરી કરે છે.

આમ પૂર્વ અને પશ્ચિમ વિસ્તારની મ્યુનિ સ્કુલ બોર્ડ હસ્તકની કુલ ૩૭૭ શાળાઓમાં ધો-૧ થી ૫ ના સરેરાશ ૭૬૧૬૦ અને ધો-૬ થી ૮ સરેરાશ ૪૪૮૭૨ કુલ મળી ૧૨૧૦૩૨ બાળકોને આ બંન્ને સંસ્થાઓ દ્વારા મધ્યાહ્ન ભોજન પુરુ પાડવામાં આવે છે. બંન્ને સંસ્થા વાસણો, ઇન્ફાસ્ટ્રાકચર, સ્ટાફ, બળતણ ખર્ચ વિગેરે ખર્ચ પોતે કરે છે. બંન્ને સંસ્થા તેમના વાહનોમાં રાંધેલો તૈયાર ખોરાક દરેક શાળાઓમાં પહોંચાડે છે.

## બંન્ને સંસ્થાઓનું ચૂકવણું

બંન્ને સંસ્થાને પ્રતિદિન, પ્રતિલાભાર્થી દીઠ નવા રેટ મુજબ ધોરણ-૧ થી ૫ ના રૂ.૪.૯૭ જ્યારે ધોરણ-૬ થી ૮ ના રૂ.૭.૪૫ લેખે સરકારશ્રી તરફથી નિભાવ ખર્ચ પેટે ચુકવણું કરવામાં આવે છે. તથા ધો. ૧ થી ૫ ના પ્રતિદિન પ્રતિલાભાર્થી દીઠ ૫૦ ગ્રામ ઘઉં અને ૫૦ ગ્રામ ચોખા અને ધો. ૬ થી ૮ ના પ્રતિદિન પ્રતિલાભાર્થી દીઠ ૭૫ ગ્રામ ઘઉં અને ૭૫ ગ્રામ ચોખા પણ આપવામાં આવે છે. તેમજ સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૧૭/૦૨/૨૦૧૦ના ઠરાવથી કુક-કમ-હેલ્પરને માસિક માનદવેતન રૂપિયા ૧૪૦૦/- લેખે સરકારશ્રી તરફથી ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી સંસ્થાઓ મારફતે ચુકવણી કરવામાં આવે છે.

## હિસાબી કામગીરી

અત્રેની કચેરીને કમિશનરશ્રી મધ્યાહ્ન ભોજન યોજના, ગાંધીનગર દ્વારા ગ્રાન્ટની ફાળવણી બજેટ સદર ૨૨૩૬-પોષક આહાર હેઠળ ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે. અત્રેની કચેરીના નાયબ કલેકટરશ્રીને રૂ.૫૦૦૦/- સુધીના ખર્ચ કરવાની સત્તા છે. રૂ.૫૦૦૦/- ઉપરના ખર્ચનું ચૂકવણું નાયબ કલેકટર તેમજ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીની સંયુક્ત સહીથી કરવામાં આવે છે.

# મધ્યાહ્ન ભોજન યોજના, અમદાવાદ શહેર

વહીવટી માળખું

⇓

મ્યુનિસિપલ કમિશ્નરશ્રી

⇓

ડે. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી (મ.ભો.યો)

⇓

નાયબ કલેકટરશ્રી, મ.ભો.યો., અમદાવાદ શહેર

⇓

નાયબ મામલતદાર

⇓

નાયબ હિસાબનીશ

⇓

જુનીયર કલાર્ક

⇓

પ્રો. કો. ઓર્ડીનેટર

⇓

કોમ્પ્યુટર ઓપરેટર

⇓

પટાવાળા

# મધ્યાહ્ન ભોજન યોજના, અમદાવાદ શહેર

## સ્ટાફની વિગત

| અ.ન. | અધિ.શ્રી/કર્મચારીશ્રીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી મુકેશ કુમાર | મ્યુનિસિપલ કમિશ્નરશ્રી |
| ૨ | શ્રી કે.બી.ઠક્કર | નાયબ મ્યુનિ. કમિશ્રી.(મ.ભો.યો.) |
| ૩ | સુશ્રી જિજ્ઞાસા સી. પંડ્યા | નાયબ કલેકટરશ્રી<br>(મ.ભો.યો, અમદાવાદ શહેર) |
| ૪ | શ્રીમતી વી. બી. પટેલ | નાયબ મામલતદાર |
| ૫ | શ્રીમતી આર.ડી.જાડેજા | નાયબ હિશાબનીશ |
| ૬ | શ્રી ડેનિશ ક્રિશ્ચિયન | જુનિયર કલાર્ક |
| ૭ | શ્રી મોહશીન આર. તલાટ | પ્રો. કો. ઓર્ડીનેટર |
| ૮ | શ્રીમતી આર. સી. પરમાર | પટાવાળા |
| ૯ | શ્રી વિજય જ્ઞાનેશ્વર ડેકાટે | કોમ્પ્યુટર ઓપરેટર |

**એનેક્ષર – એ**

(સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૫/૨૦૦૯ના પરિપત્ર ક્રમાંક ;-

પીએડી-૧૦-૨૦૦૭-૩૩૫૩૬૪ આર.ટી.આઇ સેલનું બિડાણ)

**પ્રમાણપત્ર**

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, મારી વડી કચેરી (પ્રોપર) તથા વહીવટ કાર્યક્ષેત્રના આ સાથેની યાદી મુજબના જાહેર સત્તા મંડળો દ્વારા માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ ની કલમ-૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો (પ્રોએક્ટીવ ડીસ્કલોઝર) (પીએડી) તૈયાર કરવામાં આવી છે. અને તા.૦૧/૦૫/૨૦૨૦ ની સ્થિતિએ તે અધ્યતન કરવામાં આવેલ છે. જેનું અમારા દ્વારા માહે. મે/જુન – ૨૦૨૦ દરમ્યાન ઇન્સપેકશન- કમ-ઑડીટ કરવામાં આવ્યું છે. જે બાબતે ક્ષતિ જણાઇ હતી અગર તો અપૂરતી વિગતો જણાઇ હતી તેની પૂર્તતા કરવામાં આવી છે.

તા.૩૦/૦૬/૨૦૨૦ ની સ્થિતિએ હવે મધ્યાહન ભોજન યોજના, અમદાવાદ શહેર શાખાના પ્રો-એક્ટીવ ડીસ્કલોઝર (પીએડી)નું ઇન્સફેકશન- કમ-ઑડીટ બાકી રહેલ નથી.

તા.૨૦/૧૦/૨૦૨૦

મુખ્ય મથક :- અમદાવાદ

હોદ્દો :- ડે. મ્યુનિ. કમિશનર

કચેરીનું નામ :- અ.મ્યુનિ.કોર્પો.